ॐ

॥ श्रीउपदेशग्रंथावलि ॥

॥ अंक त्रेसठमो ॥

॥ वेदातनां मूलतत्त्वो* ॥

[૫]

શ્રુતિઓથી, સ્મૃતિઓથી ને બ્રહ્મજ્ઞ પુરુષોના અનુભવથી વિરુદ્ધ તર્કો કર્યા કરવાનો કોઈ શ્રોતાના અંતઃકરણમાં રહેલો જે પ્રારબ્ધકર્મજન્ય દોષ તે કુતર્કનામનો વર્તમાનપ્રતિબંધ કહેવાય છે.

.તવાક્યોનું કિંવા પોતાના સદ્દગુરુના ઉપદેશનું પવિત્ર ને એકાંત-

ત ૧૯૭૯ (શાકે ૧૮૪૫) આષાઢસુદિ પૂનમ. આવૃત્તિ પહેલી. પ્રતિ ૧૫૦૦
નારઃ — બ્રહ્મનિષ્ઠ મહારાજ **શ્રીનથુરામ શર્મા. બીલખા.** કાઠિયાવાડ.
ાસુઓને મનન કરવામાટે વિનામૂલ્યે આપવાસારુ છપાવી પ્રકટ કરનાર
બારોટ અંબાલાલ ગગજીભાઈ. વીરમગામ. ગુજરાત.

અમદાવાદ—પીરમશારોડ ઉપર ધી નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસમાં
લલ્લુભાઈ ઈશ્વરભાઈ ત્રિવેદીએ છાપ્યું.

સ્થલમાં બેસીને શ્રુતિસ્મૃતિને અનુસરતી સુયુક્તિઓવડે વારંવાર દીર્ઘ-કાલ આદરપૂર્વક મનન કર્યા કરવાથી કુતર્કનામનો પ્રતિબંધ દૂર થાય છે. સ્થૂલશરીરથી અહંકારસુધીના જડ પદાર્થોમાં આત્માની ભ્રાંતિ અને ત્પન્ન થતા જગતમાં સત્યપણાની ભ્રાંતિ તે વિપર્યય કહેવાય. છે. એ વિપર્યયમાં જે ખોટો આગ્રહ તે વિપર્યયમાં દુરાગ્રહ એ નામનો વર્તમાનપ્રતિબંધ કહેવાય છે. નિદિધ્યાસનરૂપ બ્રહ્મવિચારથી અથવા બ્રહ્મધ્યાનથી આ પ્રતિબંધ દૂર કરી શકાય છે એક, બે વા ત્રણ જન્મ આપનારું શ્રોતાનું, મંતાનુ કે ધ્યાતાનું જે તીવ્રતમ પ્રારબ્ધકર્મ તે ભાવિપ્રતિબંધ કહેવાય છે. એ ભાવિપ્રતિબંધ કોઇ પણ ઉપાયથી દૂર કરી શકાતો નથી, માત્ર ભોગવડેજ તે નિવૃત્ત થાય છે. સમર્થ સદ્ગુરુનો ઉપદેશ સાંભળ્યા છતાં, સદાગ્રહપૂર્વક દીર્ઘ-કાલ તેનું મનન કર્યા છતાં, અને દીર્ઘકાલ, નિરંતર, આદરપૂર્વક નિદિધ્યાસન કર્યા છતાં પણ આ ભાવિપ્રતિબંધ જિજ્ઞાસુથી દૂર કરી શકાતો નથી, ને તેથી તે જન્મમાં તેને બ્રહ્મનો સાક્ષાત્કાર થતો નથી. એ ભાવિપ્રતિબંધ જ્યારે દૂર થાય છે ત્યારે આગળ કરેલા શ્રવણના, મનનના ને નિદિધ્યાસનના પરિપાકથી સદ્ગુરના ને સત્-શાસ્ત્રના ઉપદેશવિના અનાયાસે તે મુમુક્ષુના અંત.કરણની વૃત્તિ બ્રહ્મ-પરના આવરણનો ભંગ કરી બ્રહ્માકાર થાય છે.

અંતઃકરણની જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ, તુર્યા, મરણ ને મૂર્ચ્છા એવી છ અવસ્થાઓ કહેવાય છે. તેમાંની છેલ્લી બે અવસ્થાઓ કેટલેક અંશે સુષુપ્તિને મળતી છે. જ્યારે અંતઃકરણની વૃત્તિ ઇંદ્રિયો-દ્વારા બહારના ઇશ્વરરચિત સ્થૂલ પદાર્થોને આકારે થાય ત્યારે અંતઃકરણની જે અવસ્થા હોય તેને જાગ્રદવસ્થા કહેવામાં આવે છે. અંતઃકરણની વૃત્તિ જ્યારે સ્થૂલશરીરની અંતરજ મનોમય સૂક્ષ્મ

પદાર્થોને આકારે થાય ત્યારે અંતઃકરણની જે અવસ્થા થાય તેને સ્વપ્નાવસ્થા કહેવામાં આવે છે. જ્યારે અંતઃકરણની વૃત્તિ બહારના સ્થૂલ પદાર્થોને આકારે ન થાય, તથા શરીરની અંતરના મનોમય સૂક્ષ્મ પદાર્થોને આકારે પણ ન થાય, કિંતુ અંતઃકરણ પોતાના ઉપાદાનકારણ અજ્ઞાનના અંશમાં વિલીન થાય ત્યારે અંતઃકરણની જે અવસ્થા થાય તે સુષુપ્તિઅવસ્થા કહેવાય છે. અંતઃકરણની એ ત્રણ અવસ્થાઓ જીવોનાં કર્માનુસાર સ્વાભાવિક છે, ને હવે પછી કહેવામાં આવનારી તુર્યાનામની અંતઃકરણની અવસ્થા મુમુક્ષુપુરુષના શાસ્ત્રીય પ્રયત્નથી ઉત્પન્ન થનારી છે. જાગ્રદવસ્થામાં કરેલાં શ્રવણ, મનન ને નિદિધ્યાસનથી તે મુમુક્ષુપુરુષના અંતઃકરણની વૃત્તિ જો તેના અંતઃકરણમાં પૂર્વોક્ત પ્રતિબંધમાંનો કોઇ પણ પ્રતિબંધ વિદ્યમાન ન હોય તો અંતર્મુખ થઇ બ્રહ્માકાર થાય છે. અંતઃકરણની એ બ્રહ્માકાર અવસ્થાને તુર્યાવસ્થા કહેવામાં આવે છે. ચિદાભાસની પાંચમી, છઠ્ઠી ને સાતમી અવસ્થામાં અંતઃકરણની આ તુર્યાવસ્થા હોય છે. જાગ્રદવસ્થામાં બ્રહ્મસાક્ષાત્કારમાટે વિહિત પ્રયત્ન કરતાં એ પ્રયત્નનો પરિપાક થયે અંતઃકરણને એ તુર્યાવસ્થા પ્રાપ્ત થાય છે. એ વેલા ચિદાભાસ અંતઃકરણની અંતર્મુખવૃત્તિવડે (દિવ્યદૃષ્ટિવડે) સર્વત્ર અખંડ એકરસ આનંદઘન બ્રહ્મસ્વરૂપનો અનુભવ કરે છે, અને ભોગ આપનારાં કર્મોના ઉદયથી અંતઃકરણ જ્યારે બાહ્યવૃત્તિવાળું થાય ત્યારે તે બાહ્યવૃત્તિવડે તે ચિદાભાસ બાધ પામેલા જગતનો અનુભવ કરે છે.

જેમ પ્રજ્વલિત અગ્નિ મણિમંત્રાદિ પ્રતિબંધક સામગ્રીના સદ્ભાવથી અન્યને દાહ કરી શકતો નથી તેમ શ્રવણાદિવડે ઉપજ્યા-જેવું પ્રવીન થતું બ્રહ્મજ્ઞાન પણ પૂર્વોક્ત ત્રણ પ્રતિબંધમાંના કોઈ

એક પ્રતિબંધના સદ્‌ભાવથી મોક્ષરૂપી ફલને ઉપજાવી શકતું નથી.

બહારના ઘટાદિ જડ પદાર્થોના જ્ઞાનમાં અંતઃકરણની વૃત્તિ નેત્રાદિ ઇંદ્રિયદ્વારા તે પદાર્થની સમીપ જઇને પ્રકાશાદિના સાહાય્યથી તે જડ પદાર્થપરના આવરણનો ભંગ કરે છે, ને તે વૃત્તિમાં રહેલો ચિદાભાસ તે પદાર્થને આ ઘટાદિ પદાર્થ છે એમ પ્રકાશે છે. પછી તે ચિદાભાસને મેં આ ઘટાદિ પદાર્થને જાણ્યો એવું જ્ઞાન થાય છે. એ જ્ઞાનને સાક્ષી વા આત્મા માત્ર પોતાના સામીપ્યથી ને ચેતનસ્વભાવથી વિકાર પામ્યા વિના પ્રકાશે છે. જ્યાં દોરડીમાં સર્પનું ને છીપમાં રૂપાનું ભ્રાંતિજ્ઞાન થાય છે ત્યાં મંદ અંધકારને લીધે દોરડીપરનું આવરણ નેત્રદ્વારા દૂર થતું નથી તેથી અંતઃકરણમાં રહેલા ભયદોષના સાહાય્યથી દોરડીનું દોરડીરૂપે જ્ઞાન નહિ થતાં તેનું આ સર્પ છે એવું ભ્રાંતિજ્ઞાન ચિદાભાસમાં ઉપજે છે, અને દૂરપણાના દોષથી નેત્ર છીપપરનું આવરણ દૂર કરી શકતું નથી તેથી અંતઃકરણમાં રહેલા રાગદોષના સાહાય્યથી છીપનું છીપરૂપે જ્ઞાન નહિ થતાં તેનું આ રૂપું છે એવું ભ્રાંતિજ્ઞાન ચિદાભાસમાં ઉપજે છે. નિર્દોષ ઇંદ્રિયોદ્વારા અંતઃકરણને થતાં બાહ્યપદાર્થોના જ્ઞાનો પ્રમાતાભાસ્ય–પ્રમાણવડે જાણનારા ચિદાભાસના વિષયરૂપ થયેલાં–કહેવાય છે, અને જેટલાં જેટલાં ભ્રાંતિજ્ઞાનો થાય છે તેટલાં તેટલાં ભ્રાંતિજ્ઞાનોમાં નેત્રાદિ ઇંદ્રિયો પોતપોતાનું કામ કરી શકતી નથી તેથી ઇંદ્રિયનિરપેક્ષ અંતઃકરણની સૂક્ષ્મ સ્થિતિ જેને અવિદ્યા કહેવામાં આવે છે તે અવિદ્યાની વૃત્તિ કલ્પિત પદાર્થપરના આવરણને જાણે ભંગ કરતી હોય એવી થઇ ચિદાભાસને તે કલ્પિત પદાર્થનું ભ્રાંતિજ્ઞાન ઉપજાવે છે. આવાં ભ્રાંતિજ્ઞાનો સાક્ષિભાસ્ય–અવિદ્યાની વૃત્તિવડે સાક્ષીના વિષયરૂપ થયેલાં–કહેવાય છે. પ્રમાતાભાસ્ય પદાર્થો વ્યવહાર-

કાલે સત્ય મનાય છે, ને સાક્ષિભાસ્ય પદાર્થો તે પદાર્થોનું વ્યાવહારિક જ્ઞાન થયે મિથ્યા જણાય છે. મનોરાજ્યના ને સ્વપ્નના પદાર્થો પણ સાક્ષિભાસ્ય કહેવાય છે. એ પદાર્થો પણ ભ્રાંતિજ્ઞાનના વિષયરૂપ પદાર્થોની પેઠે વ્યવહારમાં મિથ્યા મનાય છે. યથાર્થ સ્મૃતિજ્ઞાન, સુખનું જ્ઞાન ને દુઃખનું જ્ઞાન અંતઃકરણની વૃત્તિ પૂર્વાનુભૂત પદાર્થને આકારે થવાથી, સુખને આકારે થવાથી ને દુઃખને આકારે થવાથી થાય છે. તે ત્રણે જ્ઞાનો નેત્રાદિ ઇંદ્રિયોના સાહાય્યવિના માત્ર અંતઃ-કરણની વૃત્તિદ્વારા ઉપજે છે, છતાં તે વ્યવહારકાલમાં સત્યરૂપે રહે છે તેથી તે જ્ઞાનો ભ્રાંતિજ્ઞાનો કહેવાતાં નથી. એ ત્રણે જ્ઞાનો પણ ચિદાભાસને થાય છે. ઉત્તમ મુમુક્ષુના અંતઃકરણની વૃત્તિ બ્રહ્મના સાક્ષાત્કારમાટે સતત પ્રયત્નશીલ હોય છે. તેના પ્રયત્નનો પરિપાક થતાં તે અંતર્મુખવૃત્તિ આત્માથી અભિન્ન બ્રહ્મની ઉપરના આવરણનો ભંગ કરવાને સમર્થ થાય છે. તે આવરણનો ભંગ થતાં સ્વયંપ્રકાશ બ્રહ્મ તેમાં પ્રકાશે છે,–સ્ફુરે છે, ને ચિદાભાસને મેં બ્રહ્મને જાણ્યું એવું ભાન થાય છે. આ આવરણભંગ કરનારી વૃત્તિમાં ચિદાભાસ હોય છે, પણ તે જડ પદાર્થોની પેઠે બ્રહ્મને પ્રકાશવામાં સમર્થ થતો નથી, બ્રહ્મના મહાપ્રકાશમાં તે ચિદાભાસનો સ્વલ્પપ્રકાશ અળપાઇ જાય છે. જેમ અંધારામાં ઉઘાડા પડેલા પદાર્થને પ્રકાશવામાં દીવો સમર્થ થાય છે, પણ મધ્યાહ્નના અનાચ્છાદિત સૂર્યને પ્રકાશવામાં તે સમર્થ થતો નથી, તેમ જડ પદાર્થોને પ્રકાશવામાં ચિદાભાસ સમર્થ થાય છે, પણ બ્રહ્મને પ્રકાશવામાં તે સમર્થ થતો નથી. અંતઃ-કરણની વૃત્તિ જડ કે ચેતન કોઇ પણ પદાર્થપરનું આવરણ ભંગ કરે તેને વૃત્તિવ્યાપ્તિ કહેવામાં આવે છે, ને ચિદાભાસ કોઇ પણ જડ પદાર્થને પ્રકાશે તેને ફલવ્યાપ્તિ કહેવામાં આવે છે. બ્રહ્મના જ્ઞાનમાં

માત્ર વૃત્તિવ્યાપ્તિનોજ ઉપયોગ છે, ફલવ્યાપ્તિનો ઉપયોગ નથી.

એવી રીતે અંતઃકરણથી અને આત્માથી ભિન્ન ચિદાભાસને બ્રહ્મનું જ્ઞાન થાય છે. તે જ્ઞાન કોઇ પણ યોગ્ય પ્રમાણવડે મિથ્યા ઠરાવી શકાતું નથી તેથી તે જ્ઞાન સત્ય મનાય છે.

જેમ ચિદાભાસ વ્યાવહારિક છે તેમ સદ્ગુરુ ને સતશાસ્ત્ર પણ વ્યાવહારિક છે. એ બંને વ્યાવહારિક છતાં પણ જેમ સ્વપ્નમાં શ્રવણ કરેલી સિંહની ગર્જના તે ગર્જના શ્રવણ કરનાર ચિદાભાસને સ્વપ્નાવસ્થામાંથી જાગ્રદવસ્થામાં લાવે છે તેમ તે બંનેના ઉપદેશનું શ્રવણ કરનાર ચિદાભાસને તે બંને જાગ્રદવસ્થામાંથી તુર્યાવસ્થામાં લાવે છે. પછી તુર્યાવસ્થામાં આવેલો તે ચિદાભાસ પોતાને, સતશાસ્ત્રને, સદ્ગુરુને અને સર્વ જગતને બ્રહ્મરૂપ જુએ છે.

સર્વ જગતને તેના અંતિમ વાસ્તવિક કારણરૂપે જોનારા ચિદાભાસનું અંતઃકરણ શુદ્ધસત્ત્વગુણવાળું હોવાથી તે વ્યવહારને તથા પરમાર્થને યથાયોગ્ય સમજી શકે છે, અને બાધિતાનુવૃત્તિથી (મિથ્યા જણાયેલાની પુનઃ પ્રતીતિથી) પ્રાપ્ત થતા પ્રસંગોમાં યથાયોગ્ય રીતે વર્તે છે, પણ ઉન્મત્તસ્થિતિને પામેલો ચિદાભાસનું અંતઃકરણ નિષિદ્ધ તમોગુણના ને નિષિદ્ધ રજોગુણના વધારાવાળું હોવાથી તે વ્યવહારને પણ યથાયોગ્ય સમજવાને સમર્થ હોતું નથી ત્યારે પરમાર્થને તો તે ક્યાંથીજ સમજી શકે ? તે ચિદાભાસના અંતઃકરણની અને ઇંદ્રિયોની અયોગ્ય સ્થિતિ થઇ જવાથી તેના જોવામાં, બોલવામાં ને બીજા વ્યવહારમાં વ્યવહારને જાણનાર ચિદાભાસને શાસ્ત્રીયરીતે ને વ્યાવહારિકરીતે દોષો જણાય છે. એવી રીતે બ્રહ્મને જાણનારા ચિદાભાસની સ્થિતિમાં ને ઉન્મત્તસ્થિતિને પ્રાપ્ત થયેલા ચિદાભાસની સ્થિતિમાં બહુ અંતર હોય છે.

સુષુપ્તિમાં ને મૂર્ચ્છામાં તે અવસ્થાને પામેલા ચિદાભાસનું અંતઃકરણ તમોગુણમાં–અજ્ઞાનમાં–લીન થયેલું હોય છે, અને બ્રહ્મજ્ઞ ચિદાભાસનું અંતઃકરણ સમાધિવેલાએ વા વિવેકસમયે બ્રહ્મમાં એકાગ્ર થયેલું હોય છે.

શુભેચ્છા, વિચારણા ને તનુમાનસાને પ્રાપ્ત થયેલા ચિદાભાસને બ્રહ્મનો સાક્ષાત્કાર નહિ થયેલો હોવાથી તેનામાં આચાર્યનું–બ્રહ્મોપદેષ્ટાનું–કામ કરવાનો અધિકાર–યોગ્યતા–ઉત્પન્ન થયેલ નથી. સત્ત્વાપત્તિને તથા અસંસક્તિને પ્રાપ્ત થયેલા ચિદાભાસને બ્રહ્મનો સ્પષ્ટ સાક્ષાત્કાર થયેલો હોવાથી ને તેમના અંતઃકરણનો ઉત્તમ વિકાસ થયેલો હોવાથી તેમનામાં આચાર્યનું કામ કરવાનો સંપૂર્ણ અધિકાર ઉત્પન્ન થયેલો મનાય છે. પદાર્થાભાવની ને તુર્યગાને પામેલા ચિદાભાસનું અંતઃકરણ બહુ અંતર્મુખ થયેલું હોવાથી તેમનાથી આચાર્યનું કામ કરી શકાતું નથી.

જન્મમરણનો, સુખદુઃખનો, પુણ્યપાપનો ને અન્ય લોકમાં જવાનો તથા ત્યાંથી આ લોકમાં પાછા આવવાનો સંબંધ ચિદાભાસની સાથે છે, અર્થાત્ એ સર્વ ક્રિયાઓ ચિદાભાસમાં થાય છે, આત્મામાં થતી નથી.

બ્રહ્મનો સાક્ષાત્કાર થાય કે તુરત–તેજ ક્ષણે–તે ચિદાભાસનાં સ્થૂલશરીરાદિ કામ કરતાં અટકી જતાં નથી, પણ જ્યાંસુધી તે ચિદાભાસનું પ્રારબ્ધકર્મ તેમને ટકાવી રાખવાના બલવાળું હોય ત્યાંસુધી તે સર્વ ટકી રહે છે, ને પોતાના પ્રારબ્ધકર્મને અનુસરીને બાધિતાનુવૃત્તિથી તે સર્વ પોતપોતાનું કર્મ લગભગ પૂર્વની પેઠે કર્યા કરે છે. પ્રારબ્ધકર્મની સમાપ્તિ થયે તે સર્વ કામ કરતાં અટકી જઇ કારણાકાર થઇ અંતે પ્રકૃતિમાં ભળી જાય છે.

જ્ઞાનીનું, જીવન્મુક્તનું, મહામુક્તનું ને અતિમુક્તનું પ્રારબ્ધકર્મ જ્યારે પોતાનું ફલ આપી સમાપ્ત થાય છે ત્યારે તેમનું શરીર પડે છે, ને તેમનો ચિદાભાસ બ્રહ્મરૂપે સ્થિતિ કરે છે. તેમની તે સ્થિતિને વિદેહકૈવલ્ય વા વિદેહમુક્તિ વા વિદેહમોક્ષ કહેવામાં આવે છે. જ્ઞાની આદિ ચારેને વિદેહકૈવલ્ય સમાન થાય છે. જ્ઞાની, જીવન્મુક્ત, મહામુક્ત ને અતિમુક્તમાં ઉત્તરોત્તર મનોનાશનું ને વાસનાક્ષયનું અધિકપણું હોવાથી તેમની નિર્વિકલ્પસ્થિતિમાં ન્યૂનાધિકતા હોય છે, અને તેથી તેમના નિજાનંદાનુભવમાં પણ ન્યૂનાધિકપણું રહે છે.

જ્ઞાની અને જીવન્મુક્ત પોતપોતાના પ્રારબ્ધકર્માનુસાર ભિન્ન ભિન્ન સ્થિતિમાં રહ્યા છતા તથા ભિન્ન ભિન્ન પ્રકારનો ન્યૂનાધિક પ્રાપ્ત વ્યવહાર શરીરાદિવડે કરતા છતા સર્વદા સ્પષ્ટાસ્પષ્ટ બ્રહ્મદર્શન કર્યા કરે છે તેથી તેઓ શરીરવડે આ મર્ત્યલોકમાં રહ્યા છતાં પણ ઉપાસનાવડે સત્યલોકમાં, વા વૈકુંઠમાં, વા ગોલોકમાં, વા કૈલાસમાં, વા અક્ષરધામમાં, વા સિદ્ધશિલામાં, વા સ્વર્ગમાં (હેવનમાં વા બિહિસ્તમાં) ગયેલા ઉપાસકોના જેવો આનંદ ભોગવે છે, અને નિરવધિ નિજાનંદનો પણ અનુભવ કરે છે.

જ્ઞાની અને જીવન્મુક્ત સર્વ પ્રકારના કર્તવ્યના અવધિને પામેલા હોય છે. તેઓ શૈલૂષની (ભવાયાની) પેઠે કૃત્રિમ આસ્થા રાખીને પોતાના અવશેષ જીવનનો સમય વ્યતીત કરવા પોતાના પ્રારબ્ધકર્મની સમાપ્તિપર્યંત લૌકિકવૈદિકકર્મ કરતા વા શાસ્ત્રવિચાર કરતા કિંવા બ્રહ્મવિચાર કે બ્રહ્મધ્યાન કરતા જોવામાં આવે છે, પણ તેઓ " જો આ કર્મો હું નહિ કરું તો મને દોષની પ્રાપ્તિ થશે, વા મને આ લોકમાં વા પરલોકમાં કાંઇ હાનિ થશે, અને આ કર્મો કરવાથી મને પુણ્યની પ્રાપ્તિ થશે, વા મને લાભ થશે " એવી

કર્તવ્યબુદ્ધિથી તે કર્મો કે શાસ્ત્રવિચારાદિ કરતા નથી. શરીરાદિ કરણો વિદ્યમાન હોવાથી ન્યૂનાધિક કર્મો થવાં સ્વાભાવિક છે. બ્રહ્મજ્ઞાન પ્રારબ્ધકર્મનું કે શરીરાદિ કરણોનું વિઘાતક નથી. તે બ્રહ્મજ્ઞાન માત્ર તેમનું મિથ્યાપણુંજ દૃઢ કરાવે છે. મારી નાંખેલા શત્રુઓનાં મુડદાંથી જેમ રાજાને ભય થતું નથી તેમ જ્ઞાનીને મિથ્યા પ્રતીત થતા અજ્ઞાનથી ને તેનાં નામરૂપાદિ કાર્યોથી ભય થતું નથી. તેમનાં શરીરાદિ કરણો તેમના પ્રારબ્ધકર્મે આપેલા વેગથી લૈકિકવૈદિક બંને પ્રકારનાં કર્મો ને શાસ્ત્રવિચારાદિ બાધિતાનુવૃત્તિથી કર્યા કરે છે. તેઓ બીજાની દૃષ્ટિએ કરણોવડે કર્મ કરતા પ્રતીત થતા હોય તોપણ તેઓ પોતાની દૃષ્ટિથી તો કાંઇ પણ કર્મ કરતા નથી એમ પોતાના અકર્તા સ્વભાવના અનુભવથી જાણે છે. બીજાઓ પોતાના અજ્ઞાનથી તેમના અંતઃકરણનો નિશ્ચય જાણ્યા વિના તેમને કોઇ પણ કર્મના કર્તા માને તો તેમના તે કર્તાપણાના આરોપથી તેઓ કોઇ પણ કર્મના કર્તા થઇ જતા નથી. વાનરો ચણોઠીના કે ગેરુના ઢગલામાં અગ્નિનો આરોપ કરે તેથી ચણોઠીનો કે ગેરુનો ઢગલો કાંઇ અગ્નિ થઈ જાય છે ? નથી થઈ જતો. તેઓ પોતાના આત્માને સર્વદા સંશયવિપર્યયરહિત સ્પષ્ટ જાણે છે. તેઓ વિષયાનંદથી અત્યંત ભિન્ન બ્રહ્માનંદને સર્વદા અનુભવે છે, અને તેમને ત્રિવિધ તાપ ને અજ્ઞાન પોતાના આત્મામાં પ્રતીત થતાં નથી. તેમને સ્વશરીરનો નિર્વાહ કરનારું સ્વશરીરને ઉપજાવનારું પ્રારબ્ધકર્મ છે એમ સમજાયાથી ખેડ, વ્યાપાર કે સેવાદિ લૈકિકર્મો તેમને કર્તવ્યરૂપે રહ્યાં નથી, અને તેમને સ્વર્ગાદિના કરતાં અસંખ્યગુણ સુખરૂપ બ્રહ્મની અભેદભાવે પ્રાપ્તિ થયેલી હોવાથી, તેમના ચિત્તની સંપૂર્ણ શુદ્ધિ થયેલી હોવાથી, ને તેમના ચિત્તની બ્રહ્મમાં અવિચલ સ્થિરતા થયેલી હોવાથી

સ્વર્ગાદિની પ્રાપ્તિમાટે, ચિત્તશુદ્ધિમાટે કે ચિત્તસ્થૈર્યમાટે વૈદિકકર્મ કે ઉપાસના કર્તવ્યરૂપે રહ્યાં નથી. તેમને પ્રમાણરૂપ શાસ્ત્રોના પ્રતિપાદનમાં લેશ પણ સંશય ન રહેલો હોવાથી વેદાંતશાસ્ત્રનું શ્રવણ તેમને કર્તવ્યરૂપે રહ્યું નથી. તેમને આત્મા, બ્રહ્મ, મોક્ષ ને મોક્ષનાં સાધનો ઇત્યાદિ વેદાંતશાસ્ત્રે પ્રતિપાદન કરેલા સર્વ વિષયોમાં લગારે સંદેહ ન હોવાથી તેમને વેદાંતશાસ્ત્રનું મનન પણ કર્તવ્યરૂપે રહ્યું નથી. તેમને પોતાના દેહાદિમાં આત્માની બુદ્ધિ અંતઃકરણના ઉંડાણ-માં પણ રહી નથી, અને પ્રતીત થતા સર્વ જગત્માં સત્યપણાની બુદ્ધિ રહી નથી તેથી તેમને નિદિધ્યાસન પણ કર્તવ્યરૂપે રહ્યું નથી. તેમણે જાણવાયોગ્ય સર્વ જાણ્યું છે, ને પ્રાપ્ત કરવાયોગ્ય સર્વ પ્રાપ્ત કર્યું છે તેથી પરમસંતોષને પામેલા તેમને કાંઇ પણ કર્તવ્ય શેષ ન હોય તે સ્વાભાવિકજ છે."

શિષ્ય પૂછે છેઃ—" હે ભવતારણ પ્રભો ! પ્રત્યેક શુભ કર્મમાં ન્યૂનાધિક વિઘ્ન નડે છે એમ લોકો કહે છે, તો વેદાંતશાસ્ત્રના શ્રવણમાં, વેદાંતશાસ્ત્રે પ્રતિપાદન કરેલા વિષયના મનનમાં અને બ્રહ્મવિચારરૂપ વા બ્રહ્મધ્યાનરૂપ નિદિધ્યાસનમાં પણ ન્યૂનાધિક વિઘ્નો હશે એમ અનુમાન થાય છે. જો મારું એ અનુમાન સાચું હોય તો વેદાંતશાસ્ત્રના શ્રવણાદિમાં કયાં કયાં વિઘ્નો નડે છે, અને તે વિઘ્નો દૂર કરવાના કયા કયા શાસ્ત્રીય ઉપાયો છે તે જણાવવા કૃપા કરશો."

શ્રીસદ્‌ગુરુ કહે છેઃ—"હે સજ્જન ! વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ ને મુમુક્ષુતા એ ચાર વેદાંતશ્રવણની યોગ્યતા પ્રાપ્ત કરવાનાં સાધનો પ્રાપ્ત કર્યા વિના કોઇ પણ મનુષ્યથી વેદાંતશાસ્ત્રનું યથાયોગ્ય શ્રવણ થઇ શકતું નથી તેથી અંતઃકરણાદિના જે દોષો વિવેકાદિનો ઉદય ને સ્થિરતા થવા દેતા નથી તે સર્વ દોષો વેદાંતશાસ્ત્રના શ્રવણ-

માં વિઘ્નરૂપ ગણાય છે. વેદાંતશાસ્ત્રના પ્રતિપાદ્ય વિષયના માહાત્મ્ય-જ્ઞાનનો અભાવ એ વેદાંતશાસ્ત્રના શ્રવણમાં નહિ પ્રવૃત્તિ થવા દેનારું મોટું વિઘ્ન છે. સ્થૂલશરીરમાં ઘાટી અહંતામમતા તથા સ્થૂલશરીરનાં સગાંવહાલાંમાં તથા પોતાના માનેલા દ્રવ્યમાં ઘાટી મમતા, શબ્દાદિ વિષયોમાં ને તેનાં સાધનોમાં ઘાટો રાગ, પ્રતિકૂલ માનેલા પ્રાણિપદાર્થોપર ઘાટો દ્વેષ, અંતઃકરણમાં રજોગુણનો વધારો હોવાથી અંતઃકરણમાં રહેનારી અતિચંચલતા, અંતઃકરણમાં તમો-ગુણનો વધારો હોવાથી અંતઃકરણમાં રહેતી મૂઢતા વા જડતા, વેદાંતશાસ્ત્રનાં ને સત્પુરુષોનાં વચનોમાં અવિશ્વાસ, નેત્રાદિ જ્ઞાનેંદ્રિયો-નું ને વાણી આદિ કર્મેંદ્રિયોનું ચપલપણું, નાસ્તિક મનુષ્યોનો સંગ, પાપી માણસોનો સંગ, આળસ, પ્રમાદ, વ્યવહારનાં તથા પરમાર્થ-નાં કામોમાં સમયની અવ્યવસ્થા, મિથ્યાભાષણ કરવાનો સ્વભાવ, નિરુપયોગી ચોપડીઓ આદિ વાંચવાનો સ્વભાવ, કોઇ પણ પ્રકારની ચોરી કરવાનો સ્વભાવ, વિશ્વાસઘાત કરવાનો સ્વભાવ, ચિંતા, ભય, દંભ, અહંકાર, મત્સર, ક્રોધ ને પિશુનતા આદિ દોષો મનુષ્યની વેદાંતશાસ્ત્રના શ્રવણમાં આદરપૂર્વક પ્રવૃત્તિ થવા દેતા નથી. એ દોષો-માંના જે દોષો પોતાના અંતઃકરણમાં ને ઇંદ્રિયોમાં પ્રતીત થાય તે સર્વ દોષોનો, તે દોષોના વિઘાતક શુભગુણોની આદરપૂર્વક પ્રાપ્તિ કરવાવડે, સત્પુરુષોના વિશુદ્ધ પ્રીતિથી વિહિત સેવનવડે અને સુપાત્રે આદરપૂર્વક અન્નવસ્ત્રાદિનું દાન કરવાવડે નાશ કરી શકાય છે. પોતાનું વાસ્તવિક હિત ઇચ્છનાર મનુષ્યે ધૈર્ય, સાવધાનતા, દૃઢતા ને આદર રાખી પોતાના અંતઃકરણમાં ને ઇંદ્રિયોમાં રહેલા સર્વ દોષોનો નાશ કરી વેદાંતશાસ્ત્રનું શ્રવણ કરવાનો અધિકાર પ્રાપ્ત કરવો જોઇએ.

વેદાંતશાસ્ત્રના શ્રવણની અપકવતા, બુદ્ધિની સ્થૂલતા, અંતઃકરણમાં કુસંસ્કારોના વધારાથી કુતર્કો કરવાનો સ્વભાવ, અંતઃકરણના ઉંડાણમાં રહેલી અશ્રદ્ધા, અંતઃકરણના ઉંડાણમાં રહેલો વિષયાનુરાગ, મનનવડે થનારા વાસ્તવિક લાભનું અજ્ઞાન, અંતઃકરણની ચપલતા ને વધારે પ્રવૃત્તિવાળો પ્રાપ્તવ્યવહાર એ વેદાંતશાસ્ત્રનું મનન નહિ થવા દેનારા દોષો છે. વેદાંતશાસ્ત્રનું આદરપૂર્વક વારંવાર શ્રવણ કર્યા કરવાથી, વેદાંતશાસ્ત્રે પ્રતિપાદન કરેલા વિષયોનું ક્રમપૂર્વક પ્રીતિ રાખીને વારંવાર સ્મરણ કર્યા કરવાથી, પુણ્યકર્મોના સેવનવડે અંતઃકરણની યોગ્યતા વધારી શ્રુતિસ્મૃતિને અનુસરતા તર્કો કરવાનો સ્વભાવ પાડવાથી, વિવેકવડે સાત્ત્વિકી શ્રદ્ધા સુસ્થિર કરવાથી, વૈરાગ્યની તથા શમદમની વિવેકપૂર્વક વૃદ્ધિ કરવાથી, મનનના પરિપાકવડે બ્રહ્મનું પરોક્ષજ્ઞાન દૃઢ થઈ અંતઃકરણમાં નિદિધ્યાસન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે, પણ મનનના પરિપાકવિના કદીપણ નિદિધ્યાસનમાટે અંતઃકરણમાં યોગ્યતા આવતી નથી એ મનનવડે થનારા વાસ્તવિક લાભનું પોતાના અંતઃકરણમાં સતત સ્મરણ રાખવાથી, પોતાના અંતઃકરણને વેદાંતશાસ્ત્રના મૂર્તિમાન્ સિદ્ધાંતરૂપ પોતાના સદ્‌ગુરુના સ્વરૂપમાં શ્રદ્ધાભક્તિપૂર્વક વારંવાર સ્થિર કર્યા કરવાથી અને પ્રાપ્તવ્યવહાર પરિમિત પ્રવૃત્તિવાળો કરી દેવાથી મનનમાં પ્રતિબંધ કરનારા ઉપર જણાવેલા સર્વ દોષો ક્રમથી દૂર થાય છે. એ દોષો દૂર થવાથી મુમુક્ષુવડે વેદાંતશાસ્ત્રનું ને તેણે પ્રતિપાદન્ કરેલા વિષયોનું મનન સારી રીતે શકાય છે.

બ્રહ્મવિચારરૂપ અથવા બ્રહ્મધ્યાનરૂપ નિદિધ્યાસનમાં લય, વિક્ષેપ, કષાય ને રસાસ્વાદ એ ચાર વિઘ્નો નિદિધ્યાસનના અભ્યાસીને ન્યૂનાધિક અંશે નડે છે. નિદિધ્યાસનના અભ્યાસીના અંતઃકરણમાં અભ્યાસકાલે તમોગુણ વધી તેના અંતઃકરણને નિદિધ્યાસન

કરતું અટકાવી પોતાના ઉપાદાનકારણ અજ્ઞાનમાં લીન કરી દે તે લયદોષ કહેવાય છે. અતિપરિશ્રમ, ઉજાગરો, અજીર્ણ, અત્યાહાર ને અંતઃકરણમાં તામસદ્રવ્યનો વધારો એ લયદોષ ઉત્પન્ન થવાના હેતુઓ છે. નિદિધ્યાસન કરનારે એ પાંચ હેતુઓમાંના જે હેતુવડે પોતાના અંતઃકરણમાં લયદોષ ઉત્પન્ન થતો હોય તે હેતુને નીચે બતાવેલા તેને નિવૃત્ત કરનારા ઉપાયવડે દૂર કરવો જોઇએ. જો અતિપરિશ્રમને લીધે લય થતો હોય તો અભ્યાસીએ પોતાના અંતઃકરણને, ઇંદ્રિયોને અને શરીરને પરિશ્રમ જણાય એવું કોઇ પણ કામ ન કરવું, કિંતુ તેમને શ્રમ ન જણાય તેટલો સમય યોગ્ય પ્રાપ્ત કામ કરવું. જો ઉજાગરાવડે લય થતો હોય તો રાત્રે પૂરતી ઉંઘ લેવી. તેણે પહેલી રાત્રે વિશેષ જાગવું નહિ, ને પાછલી રાત્રે શરીરને અનુકૂલ ન આવે એટલા વહેલા ઊઠવું નહિ. રાત્રે કોઈ કારણથી વચ્ચે નિદ્રાનો વધારે સમય ભંગ થયો હોય તો પાછલી રાત્રે નિદ્રા પૂરી થયા પછીજ ઊઠવું. જો અજીર્ણદોષને લીધે લય થતો હોય તો તે અજીર્ણને તેણે પાકવા દેવું, અર્થાત્ પોતાના ઉદરમાં રહેલું અપકવ અન્ન જ્યાંસુધી સારી રીતે ન પચી જાય ત્યાંસુધી તેણે કોઇ પણ પ્રકારનો આહાર ન લેવો. જો અત્યાહારથી લય થતો હોય તો તેણે પોતાના જઠરાગ્નિથી સુખપૂર્વક જેટલો આહાર પચાવી શકાય તેટલોજ પથ્ય આહાર લેવાનો સ્વભાવ પાડવો, અન્નના સ્વાદને વશ થઇને પ્રમાદથી તેણે એક ગ્રાસ પણ વધારે અન્ન ન લેવું. જો પોતાના અંતઃકરણમાં તામસદ્રવ્યનો વધારો હોવાથી લય થતો હોય તો તેણે શુભવિચારોનું આદરપૂર્વક સેવન કરવું, પોતાના શરીરથી સહન થાય એટલી કોઇ પણ પ્રકારની શુભ પ્રવૃત્તિ કરવી, અને સવારસાંજ અનુકૂલ આવે એટલા ભસ્ત્રિકા-

પ્રાણાયામ કરવા. આ લયના હેતુઓને દૂર કરી પછી નિદિધ્યાસન-વેલા જ્યારે જ્યારે લય થાય ત્યારે ત્યારે પોતાના અંતઃકરણને જાગ્રત્ કરી પુનઃ નિદિધ્યાસનમાં જોડવું.

મુમુક્ષુએ પોતાના અંતઃકરણની વૃત્તિ બ્રહ્મવિચારમાં કે બ્રહ્મ-ધ્યાનમાં રાખી હોય ત્યાં તે અલ્પ સમય રહી પછી રજોગુણના વધારાથી ચંચલ થઇ તે અન્ય વિષયને આકારે થવા લાગે તે વિક્ષેપ કહેવાય છે. પોતાના અંતઃકરણમાં વિક્ષેપની પ્રતીતિ થાય કે તુરત નિદિધ્યાસન કરનારે બ્રહ્મથી ભિન્ન તે વિષયના મિથ્યાપણાના, સારરહિતપણાના તથા દુઃખદ-પણાના વિચારને પોતાના અંતઃકરણમાં પ્રબલ વેગથી જાગ્રત્ કરી તેના સત્યપણાની કિંવા રમણીયપણાની ભ્રાંતિથી કે અપકારકપણાની ભ્રાંતિથી ઉપજેલા રાગરૂપ કે દ્વેષરૂપ વિક્ષેપને શમાવી દેવો; અથવા તે કાલે જે વિષયને આકારે પોતાનું અંતઃકરણ થયું હોય તે વિષયનું સાચું સ્વરૂપ બ્રહ્મજ છે આ વિચારને પોતાના અંતઃ-કરણમાં પ્રબલ વેગથી જાગ્રત્ કરી તે પ્રતીત થયેલા વિષયને તેના અધિષ્ઠાનરૂપ બ્રહ્મમાં લીન કરી પોતાના અંતઃકરણને પુનઃ બ્રહ્મ-વિચારમાં કે બ્રહ્મધ્યાનમાં જોડવું. તેણે ધૈર્ય ને સાવધાનતા રાખી જાગ્રત્‌ના સર્વ સમયમાં પોતાના અંતઃકરણને કોઇ પણ માયિક વિષયમાં પ્રબલ રાગવાળું કે પ્રબલ દ્વેષવાળું ન થવા દેવું. સર્વ પ્રાણિપદાર્થનું સાચું સ્વરૂપ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ છે આ નિશ્ચયને તેણે પોતાના અંતઃકરણમાં બની શકે તેટલો દૃઢ કર્યા કરવો. તેણે પોતાના અંતઃકરણને તથા પોતાની ઇંદ્રિયોને બની શકે તેટલાં પોતાના હૃદયાકાશભણી પાછાં વાળવાનો પ્રયત્ન ચાલુ રાખવો. તેણે નિદિધ્યાસનના પ્રારંભમાં પોતાના અંતઃકરણને સંસારથી ઘણામાં ઘણું ઉદાસીન કરીને તથા બ્રહ્મસ્વરૂપમાં તેને ઘણામાં ઘણું પ્રેમવાળું

કરીને નિદિધ્યાસનમાં પ્રવૃત્ત થવું. આ સર્વ પ્રયત્નો વિક્ષેપનામના નિદિધ્યાસનના વિઘ્નને દૂર કરવામાં ઉપયોગી થાય છે.

અભ્યાસીના અંતઃકરણમાં રહેલા રાગદ્વેષના તીવ્ર સંસ્કારો કષાય કહેવાય છે. અંતઃકરણના એ કષાયદોષને લીધે અભ્યાસીના અંતઃકરણની વૃત્તિ થોડો સમય બ્રહ્મવિચાર કે બ્રહ્મધ્યાન કરીને પછી તે કામમાં વિશેષ સમય સ્થિર ન રહેતાં મૂઢજેવી થઇને અંતઃકરણ-માંના રાગદ્વેષના તીવ્ર સંસ્કારોમાં ઘુંચાઈ ગયાજેવી થઈ અભિમાની-ને–નિદિધ્યાસન કરનાર મનુષ્યને–ન જણાય તેવી રીતે રાગરૂપ વા દ્વેષરૂપ પરિણામની સૂક્ષ્મપરંપરા ઉપજાવ્યા કરે છે. લય થાય ત્યારે અંતઃકરણ પોતાના ઉપાદાનકારણ અજ્ઞાનમાં લીન થાય છે, પણ કષાયવેલા અંતઃકરણ પોતાના ઉપાદાનકારણ અજ્ઞાનમાં લીન થતું નથી, પરંતુ તીવ્ર રાગદ્વેષના સંસ્કારોને વશ થઈ રાગદ્વેષને વિષય કરનારી સૂક્ષ્મવૃત્તિઓ ઉપજાવ્યા કરે છે એટલો લયમાં ને કષાયમાં ભેદ છે. વિક્ષેપમાં અંતઃકરણની અન્ય પદાર્થને આકારે થયેલી વૃત્તિને નિદિ-ધ્યાસન કરનાર જાણી શકે છે, પણ કષાયના સમયમાં ઉપજતી અંતઃકરણની વૃત્તિઓના સૂક્ષ્મ પ્રવાહને નિદિધ્યાસન કરનાર મનુષ્ય જાણી શકતો નથી એટલો વિક્ષેપમાં ને કષાયમાં ભેદ છે. નિદિધ્યાસનકાલે અભ્યાસીના અંતઃકરણની વૃત્તિ ન્યૂનાધિક અંશે બ્રહ્મભાવનાવાળી હોય છે, અને કષાયકાલે અંતઃકરણની વૃત્તિ રાગદ્વેષના તીવ્ર સંસ્કારોને વશ થઇ સૂક્ષ્મરૂપે રાગદ્વેષને આકારે થયા કરતી હોય છે એટલો નિદિધ્યાસનમાં ને કષાયમાં ભેદ છે. આ ભેદનું સ્વરૂપ સારી રીતે સમજી નિદિધ્યાસન કરનારે કષાયને નિદિધ્યાસન સમજી તેમાં નજ અટકી રહેવું જોઇએ. સર્વ દૃશ્ય પ્રાણિપદાર્થોમાં–વિશેષે જેમાં પ્રબલ રાગદ્વેષ અભ્યાસીને અનુભવાતા હોય તેમાં–તેમના મિથ્યાપણાની,

સારરહિતપણાની અને દુઃખદપણાની ધૈર્ય ને સાવધાનતાથી વા પ્રબલ ભાવના કરી પોતાના અંતઃકરણને તે પ્રાણિપદાર્થોમાં ઉદા જેવું કરવાથી નિદિધ્યાસન કરનારના અંતઃકરણમાં રહેલો કષા નિવૃત્ત થઇ જાય છે.

નિદિધ્યાસનકાલે અભ્યાસીના અંતઃકરણની વૃત્તિ આર વિક્ષેપની નિવૃત્તિદ્વારા અનુભવાતી શાંતિથી અને તે કાલે અનનુભૂત વિચિત્ર પ્રતીતિઓથી પોતાને કૃતાર્થ માની તેમાંજ ચ જાય, ને નિર્વિશેષ બ્રહ્મના વિચારમાં કે તેના ધ્યાનમાં તે પ્ર ન કરે તે રસાસ્વાદનામનું નિદિધ્યાસનનું વિઘ્ન કહેવાય છે. વિક્ષેપની નિવૃત્તિથી કે અવિદ્યાના પરિણામરૂપ વિચિત્ર પ્રતીતિઓ મને કૃતાર્થપણું પ્રાપ્ત થવાનું નથી, પણ આવરણનો ભંગ કરી બ્રહ્મ- નો સાક્ષાત્કાર કરવાથીજ મને કૃતાર્થપણું પ્રાપ્ત થશે માટે મારે આ રસાસ્વાદમાં લુબ્ધ નહિ થતાં નિદિધ્યાસનના પરિપાકવડે આવરણનો ભંગ કરી નિર્વિશેષબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો જોઇએ, આવા વિચારવડે નિદિધ્યાસનમાં આદરપૂર્વક પ્રયત્નશીલ રહેવાથી રસાસ્વાદનામના નિદિધ્યાસનના વિઘ્નને દૂર કરી શકાય છે."

શિષ્ય પૂછે છેઃ—"હે સર્વજ્ઞ! વેદોના, ઉપવેદોના, વેદાંગોના, ધર્મશાસ્ત્રોનો, પુરાણોનો, ઉપપુરાણોનો, વેદાનુકૂલ ૭ દ ઇતિહાસોનો અને કાવ્યાદિ ગ્રંથોનો તથા વેદબાહ્ય દર્શનોના મતપંથોનો વેદાંતશાસ્ત્રે પ્રતિપાદન કરેલા વિષયની સાથે કેવા ની સારગ્રાહી બુદ્ધિવડે સમન્વય કરી શકાય તે મારી બુદ્ધિને કરવામાટે હું જાણવા ઇચ્છું છું તો આપશ્રી કૃપા કરીને મ જિજ્ઞાસાને પ્રમાણ અને યુક્તિઓવડે પરિતૃપ્ત કરવા શ્રમ એવી હું આશા રાખું છું."